તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનીક
આદિપુર કચ્છમાં ફાર્મસીનો ડીપ્લોમાનો અભ્યાસ-
ક્રમ શરૂ કરવા અંગે....

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએચએમ-૧૦૭૬-૨૨૪૩-ભા-૨/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૦.૬.૧૯૮૧.

વંચાણમાં લીધો :- નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય અમદાવાદ તરફથી તા. ૨૩.૧.૮૧ નો પત્ર શેરો ક્રમાંક :- પીએચએમ-૧૪૭૯/૫૨૯૮-એ.

૨. ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન એન્ડ કલ્ચર ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન નવી દીલ્હી તરફથી તા. ૨૧.૨.૮૧ નો પત્ર ક્રમાંક : એફ-૨૬-૧૯/૮૦ ટી-૫.

ઠ રા વ :-

વેસ્ટર્ન રીજીઓનલ કમીટી ઓફ ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુકેશન તરફથી ભલામણ કરવામાં આવેલ ગાંધીધામ પોલીટેકનીક આદિપુર કચ્છમાં ફાર્મસીનો બે વર્ષનો ડીપ્લોમા કોર્સ વાર્ષિક ૩૦ બેઠકો સાથે શરૂ કરવાની ગુજરાત સરકારની પ્લાન યોજના માહેની દરખાસ્તને એઆઈસીટીઈ. ના ચેરમેન તરીકે ભારત સરકારના મા. મંત્રીશ્રી શિક્ષણ તરફથી આમુખમાં જણાવેલ પત્રમાં મંજુરી આપવામાં આવેલ છે. અને તે માટે નીચે જણાવેલ વધારાની ફીઝીકલ ભણતરની સુવિધાઓને પણ મંજુરી આપેલ છે.

| બીન આવર્તક. | રૂ. |
|---|---|
| ૧. મકાન (૫૪૬ સે.મી.) | ૪,૦૯,૫૦૦ |
| ૨. ઈકવીવમેન્ટ | ૧,૭૫,૦૦૦ |
| ૩. બુક બેન્ક | ૧૦,૦૦,૦૦૦ |
| ૪. ફરનીચર. | ૩૫,૦૦૦ |
| ૫. ઓડીયો વીસ્યુઅલ ઈકવીટમેન્ટ | ૫,૦૦૦ |
| ૬. લાયબ્રેરી. | ૧૦,૦૦૦ |
| ૭. હોસ્ટેલ( ૮૯૪ સે.મી.) | ૬,૭૦, ૫૦૦ |
| ૮. ફર્નીચર ફોર હોસ્ટેલ | ૨૦,૦૦૦ |
| કુલ રૂ. | ૧૩,૩૫,૦૦૦ |

આવર્તક ખર્ચ.

| | |
|---|---|
| પગાર - એલાઉન્સીઝ વિગેરે | ૧,૪૮,૦૦૦ |
| લાયબ્રેરી. | ૩,૦૦૦ |
| કન્ટીજન્સીઝ | ૨૧,૦૦૦ |
| | રૂ. ૧, ૭૨, ૦૦૦ |

૨. તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનીક આદિપુર કચ્છમાં ફાર્મસીનો બે વર્ષનો ડીપ્લોમા કોર્સ વાર્ષિક ૩૦ બેઠકો સાથેનો અભ્યાસક્રમ શરુ કરવા માટે નીચે જણાવેલ શરતો અને બોલી મુજબ સદરહુ કોર્સના નિયમિત નિભાવ માટે સરકારશ્રીના તારીખ : ૧૫.૪.૭૮ના ઠરાવ મુજબ અને ત્યારબાદ સમય અનુસાર તેમાં સુધારા વધારા થાય તે મુજબ અનુદાન આપવા સરકારશ્રી મંજુરી આપે છે.

(૧) સદરહુ સંસ્થાએ ફાર્મસીનો ડીપ્લોમા કોર્સ ૧લી જુન ૧૯૮૧ થી શરુ કરવા માટે ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા, નવી દીલ્હીની તાંત્રિક માન્યતા મેળવવી અને સંબંધીત યુનિવર્સીટીનું જોડાણ વગેરે મેળવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સદરહુ સંસ્થાએ સરકારશ્રીના શિક્ષણ અને મજુર વિભાગના તા. ૧૫.૪.૬૮ ના ઠરાવ ક્રમાંક : પીટીઆઈ-૧૦૬૬-ધ- પંચાયત અને આરોગ્ય વિભાગના ઠરાવ ક્રમાંક : પીએચએમ-૧૦૭૭-(૨)-૭(એ)-ઝ, તા. ૧૫.૪.૭૮ , જે બીન સરકારી ફાર્મસી કોલેજો માટે અનુદાનની રકમ ચુકવણા અંગેનો છે, તેમાં જણાવેલ બોલી અને શરતો નથી પુર્તતા ઉકત મંડળે આ હુકમો બહાર પાડયાની તારીખથી ૬ માસમાં પુરી કરવાની રહેશે. આ છ માસના અંતે નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ઉકત ઠરાવમાં દર્શાવેલ શરતો અને બોલીઓ અંગે ખાતરી કરી અને તે અંગેનું પ્રમાણપત્ર આપશે. અને ત્યાર બાદ અનુદાનની રકમનો હપ્તો મુકત કરવામાં આવશે.

૩. (૩) અનુદાનની રકમ જે હેતુ માટે મંજુર કરવામાં આવેલ હોય તે જ હેતુ માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે. જો માન્ય કરેલ હેતુઓ સિવાય અન્ય હેતુઓ માટે ઉપયોગ થયો હશે તો તે રકમ x પરત લેવામાં આવશે.

૪. મંડળે લેખીત બાંહેધરી સરકારશ્રીને આપવાની રહેશે કે સરકારશ્રી તરફથી મળેલ અનુદાનની રકમમાંથી સંપૂર્ણ અથવા અંશત: અસ્કયામત સંપાદન કરવામાં આવેલ હોય તે રાજય સરકારની પૂર્વ સંમતી મેળવ્યાં વગર ગીરો મુકવામાં અથવા જે હેતુઓ માટે અનુદાન આપવામાં આવેલ છે તેના સિવાય અન્ય રીતે ઉપયોગમાં લઈ શકાશે નહીં.

૫. મંડળે મહાલેખાકાર ગુજરાત રાજયને અનુદાન અંગેના રજીસ્ટર અને હિસાબો જરુર જણાયે રજુ કરવાના રહેશે. અથવા તો તેના પ્રતિનિધિને તે તપાસણી માટે સંબંધીત કાગળો સાથે રજુ કરવાના રહેશે.

૬. સરકાર તરફથી મળેલ અનુદાનમાંથી જે રકમ બીન ખર્ચાયેલ રહે તે મંડળે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૭. સરકારશ્રીના પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ : ૧૦.૫.૭૩ ના ઠરાવ ક્રમાંક : પીએચએમ-૧૦૭૨-૩૧૭૩-એફ અને પંચાયત, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ :- ૧૪.૫.૭૮ ના ઠરાવ ક્રમાંક : પીએચએમ-૧૦૭૭-૧૨૯૭-(એ)ઝ, માં જણાવ્યા પ્રમાણે અને તે અંગે વખતો વખત સુધારા વધારા થાય તેને આધીન રહીને મંડળને અનુદાનની રકમનું હપ્તાઓનું નિયમિત ચુકવણું નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમદાવાદ તરફથી કરવામાં આવશે. સને ૧૯૮૧-૮૨ ના વર્ષ માટે સંસ્થા જે ખરેખર ખર્ચ કરે તેમાં અનાવર્તક ખર્ચ સામે ૧,૨૫,૦૦૦ રૂ. અને આવર્તક ખર્ચ માટે ૯૦ % લેખે રૂ. ૭૫,૦૦૦/- સુધી અથવા જે ખરેખર ખાધ આવે તે બેમાંથી ઓછી રકમ હોય તે મંજુર કરવામાં આવશે. તે બાબતમાં સંસ્થા સિ× હિસાબો રજુ કરે, જરુરી રકમનું ચુકવણું કરવા નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રને અધિકૃત કરવામાં આવે છે.

૮. ઉકત સંસ્થાને આગળ જણાવ્યા મુજબ આ યોજનાનું/અનાવર્તક ખર્ચ રૂ. ૧૩,૨૫,૦૦૦/- અને આવર્તક ખર્ચ રૂ. ૧,૭૨,૦૦૦/- મંજુર કરવામાં આવે છે. અનાવર્તક ખર્ચના ૨૫ % સંસ્થાએ ભોગવવાના રહેશે. અને બાકીની ૭૫ ટકા રકમ સરકારશ્રી અનુદાન તરીકે આપશે.

૯. આ અંગેનો થનાર ખર્ચ ૨૮૨, જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને પાણી પુરવઠો-એ (૩) એચએલટી -૭૯ ફાર્માસીસ્ટોને તાલીમ - સહાયક ગ્રાન્ટ (ગ) અન્વયે હેઠળ ઉધારવું અને તે ચાલુ વર્ષની મંજુર થયેલ રૂ. ૧,૦૦,૦૦૦/- ની ગ્રાન્ટમાંથી રૂ. ૫૦,૦૦૦/- સુધી અને બાકીનું વિભાગની ગ્રાન્ટમાં બચતમાંથી પુનર્વિનિયોગ દ્વ× દ્વારા મેળવવું.

આ હુકમો નાણાંકીય સલાહકારશ્રીની તા. ૨૧.૫.૮૧ ની અને નાણાં વિભાગની તારીખ : ૨૫.૫.૮૧ ના રોજ આ વિભાગની ઉપર જણાવેલ સરખા ક્રમાંકની ફાઈલમાં સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બ.શં.મહેતા

( બ. શં. મહેતા. )

સેકશન અધિકારી,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમદાવાદ



Scanned with OKEN Scanner

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.

ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન, અમદાવાદ.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

રજીસ્ટારશ્રી, સૌરાષ્ટ યુનિવર્સિટી, રાજકોટ.

મા. મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

✓ પ્રિન્સીપાલ, તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનીક આદિપુર કચ્છ.
કરારપત્રમાં કરવામાં આવેલ કરારની નકલ સાથે

એકઝામીનર લોકલ ફંડ એકાઉન્ટસ અમદાવાદ.

નાણાં વિભાગ.

નાણાંકીય સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

- સિલેકટ ફાઈલ.

સૈયદ૧૦ સ્ટે.